No. of Printed Pages : **5**

**7958**

Register Number

# Language — Part I — GUJARATI — Paper I

Time Allowed : 2½ Hours ] [ Maximum Marks : 100

સૂચના : (1) પ્રશ્ન પત્રનું મુદ્રણ સંતોષકારક છે તે તપાસી લેવું. જો કોઈ ખામી લાગી તો, ખંડ પરિનિરીક્ષક ને તુરત જાણ કરવી.

(2) લખવા તથા અન્ડરલાઈન કરવા માટે ભૂરી અથવા કાળી સ્યાહીનો ઉપયોગ કરવો.

**I.** **નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** (Answer the following question) **20x1=20**

**યોગ્ય જવાબ શોધીને લખો.** (Choose the correct answer)

**1.** મસ્તક મુગટ કુંડળ કાને, ઓઢણ આછી __________.

(a) રાવડલી (b) વાતલડી (c) ધાબલડી

**2.** ગોપીને શ્રીકૃષ્ણના તે સંબોધન થી માઠું લાગે છે __________.

(a) રમણી (b) સખી (c) શશીવદની

**3.** બાઈ, મારો શામળિયો __________.

(a) પિતાજી રે (b) બંધુ રે (c) ભરપાર રે

**ખાલી જગ્યા પૂરો** : (Fill in the blanks)

**4.** ઓત્તર-દખણ થી ચડી એક __________.

**5.** ભજ રે ભજ તું ભૂતળમાં __________ માવલડી.

**6.** આભમાં ઝીણી ઝબૂકે __________.

**યોગ્ય રીતે જોડો** : (Match the following)

| | અ | બ |
|---|---|---|
| **7.** | છેલ્લો કટોરો | લોકગીત |
| **8.** | અમે પકડી આંબલિયાની ડાળ | અખો |
| **9.** | છપ્પા | મીરાબાઈ |
| **10.** | આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે | ઝવેરચંદ મેઘાણી |

[ Turn over

યોગ્ય જવાબ શોધીને લખો. (Choose the correct answer)

**11.** સુહાસને પોતાની પત્ની શીલા અંગે __________ તેનો રંજ હતો.

(a) હોંશિયાર ન હતી (b) સુંદર ન હતી (c) અંગ્રેજી નથી આવડતું

**12.** પ્રભાશંકર કોટ ને __________.

(a) કોટ ફેંકી દીધો (b) ઈસ્ત્રી કરતા હતા (c) થીંગડું મારતા હતા

ખાલી જગ્યા પૂરો : (Fill in the blanks)

**13.** પાડાનું નામ __________ હતું.

**14.** અમરતકાકી ની ગાંડી દીકરીનું નામ __________ હતું.

સાચાં ખોટાની નિશાની કરો : (Make the write and wrong)

**15.** ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે.

**16.** નાનુભાઈના મિત્રનું નામ જીતુભાઈ હતું.

યોગ્ય રીતે જોડો : (Match the Following)

| | અ | બ |
|---|---|---|
| **17.** | સત્ય અને અહિંસા | પ્રભાશંકર |
| **18.** | તબીબી પ્રેક્ટિસ | મુંજ |
| **19.** | પૃથિવી વલ્લભ કેમ ખંચાયો ? | જીતુભાઈ |
| **20.** | થીંગડું | ગાંધીજી |

**II.** કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ લખો. (Answer any five questions) **5x2=10**

**21.** "હું તો ચહું" કાવ્યમાં કેટલી અવસ્થાઓનું વર્ણન કર્યું છે ?

**22.** શ્રીકૃષ્ણ ભગવાને પગમાં શું પહેર્યું છે ?

**23.** મીરાંબાઈ એ શેની ડાળ પકડી છે ?

**24.** જુમો કેટલા વર્ષે પરણવા ગયો હતો ?

**25.** અમરતકાકીને કેટલા દીકરા અને દીકરીઓ હતી ?

**26.** ગણપતે કેટલા રૂપિયામાં ભેંસ વેંચી હતી ?

**III.** કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો. (Answer any three questions) **3x4=12**

**27.** કવિ શીશુ અવસ્થાને શા કારણે આદર કરે છે ?

**28.** કવિ મહેમાનોની ક્ષમા શા માટે માંગે છે ?

**29.** એક સાપ બીજા સાપને ઘેર જાય તો શું કરે છે ?

**30.** મીરાંબાઈ કેટલા પ્રકારની ચૂંદડી ઓઢી છે ? તેનું વર્ણન કરો.

**IV.** કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ લખો. (Answer any five questions) **5x2=10**

**31.** ભજ રે ભજ તું કાવ્યમાં કોને ભજવાનું કહે છે ?

**32.** ગોપીઓને શાથી માઠું લાગે છે ?

**33.** આભમાં શું ઝબૂકે છે ?

**34.** જુમા એ શું પાળ્યું હતું ?

**35.** અમરતકાકીની ગાંડી દિકરીનું નામ શું હતું ?

**36.** શીલાના પતિનું નામ શું હતું ?

**V.** કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો. (Answer any three questions) **3x4=12**

**37.** દવાખાનામાં અમરતકાકીએ મંગુ માટે શી શી ભલામણો કરી ?

**38.** નાનપણમાં લેખકને તડકા અંગે શો અનુભવ થયો હતો ?

**39.** દાક્તર તરીકે લોકપ્રિય થવા માટે જીતુભાઈએ કયા કયા નુસખા અજમાવ્યા ?

**40.** વેણુને બચાવવા જુમા એ શું શું કર્યું ?

**41.** કુંવરનો ગુસ્સો કઈ રીતે શાંત થયો ?

**VI.** **નીચે આપેલ કાવ્ય વાંચી તેમાંથી પૂછેલા પ્રશ્નોના જવાબ લખો.** **5x1=5**

(Answer the question from the poem below)

**42.** હાવાં હું સખી ! નહિ બોલું રે નંદકુવરની સંગે,
મુને 'શશીવદની' કહી છે રે ત્યાર ની દાઝ લાગી છે અંગે,
ચંદ્રબિંબમાં લાંછન છે, વળી રાહુ ગળે ખટ માસે રે;
પક્ષે વધે અને પક્ષે ઘટે, કળા પૂરણ નિત્ય તે નવ પ્રકાશે.
તે કરતાં 'ચંદ્રવદની' કહી તો કર્યાં હું ને ચંદ્ર એક રાસે રે;
ત્યારે મુજ મુખ પાખે શું અટક્યું છે ? જો શે ચંદ્ર આકાશે.

**પ્રશ્નો :**

(a) ગોપીઓ કોની સાથે બોલવાનું ના કહે છે ?

(b) કોને દાઝ લાગી છે ?

(c) ગોપીઓને શું કહ્યું છે ?

(d) ચંદ્રબિંબમાં શું છે ?

(e) ગોપીઓમાં આકાશમાં શું જોવાનું કહે છે ?

**અથવા**

**કાવ્યનો ભાવાર્થ લખો.**

રામ કહો, રહમાન કહો કોઉ, કાન્હ કહો, મહાદેવ રી;
પારસનાથ કહો, કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયંમેવ રી.
ભાજન-ભેદ કહાવત નાના, એક મૃતિકારૂપ રી;
તૈસે ખંડ કલ્પનારોપિત, આપ અખંડ સરૂપ રી.
નિજપદ રમે રામ સો કહીએ, મહાદેવ નિર્વાણ રી.
પરસે રૂપ પારસ સો કહીએ; બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મ રી;
ઈહ વિધિ સાધો આપ આનન્દ ઘન, ચેતનમય નિકર્મરી.

**VII. નીચે આપેલ ગદ્યાર્થમાંથી પ્રશ્નોનાં જવાબ લખો.** **5x1=5**

(Answer the Question from the paragraph below)

**43.** એક સ્ત્રીથી પાપ થઈ ગયું. લોકોનું એક ટોળું ઉશ્કેરાયું. એ જમાનામાં પાપ કરનાર પાપીને પથ્થર મારીને મારી નાખવાની સજા કરવામાં આવતી. ટોળું મારો ! મારો ! ની ચીસો પાડતું પેલી સ્ત્રી પાછળ પડ્યું. પેલી સ્ત્રીના કપડાં ફાટી ગયા હતા. શરીર પર ઈજા થઈ હતી. ડરતી ભયભીત એક ચોંકમાં પહોંચી. ત્યાં ભગવાન ઈસુ લોકોને ઉપદેશ આપતા હતા. પેલી સ્ત્રી બચાવવા ઈસુની પાછળ લપાઈ ગઈ. લોકોનું ટોળું સ્ત્રીને પથ્થર મારે તે પહેલા ઈસુ એ કહ્યું જેને દુનિયામાં કોઈ પાપ ન કર્યું હોય તે વ્યક્તિ આવીને સૌથી પહેલા મારે. બધા શરમિંદા થઈ ગયા.

**પ્રશ્નો :**

(a) સ્ત્રીએ શું કર્યું હતું ?

(b) પાપીને પહેલા જમાનામાં શી સજા આપવામાં આવતી હતી ?

(c) સ્ત્રી પાછળ કોણ પડ્યું ?

(d) સ્ત્રીના શરીર પર શું થયું હતું ?

(e) ઈસુ એ ટોળાને શું સંબોધન કર્યું ?

**અથવા**

**નીચે આપેલ ગદ્યાર્થનું સંક્ષિપ્તિકરણ લખો.**

નમ્ર વ્યક્તિ પોતાનાં વાણી અને વર્તન દ્વારા બીજાના દિલને જીતી લે છે. વિનય વ્યક્તિ માટે દરેકને આદર અને સન્માનની ભાવના ઉત્પન્ન થાય છે. વિદ્યાર્થીમાં નમ્રતા હોય તો તે શિક્ષકનો પ્રેમ મેળવી શકે. કર્મચારીમાં નમ્રતા હોય તો તે તેના ઉપરી અધિકારીઓનો પ્રેમ મેળવી શકે છે. જે કાર્ય સત્તા અને બળથી નથી થતું તે કાર્ય નમ્રતા અને વિનય થી પાર પડે છે. ઘમંડી માણસમાં નમ્રતા અને વિનયતા હોતા નથી.

**VIII. કોઈપણ એક એક પ્રશ્નોના જવાબ લખો.** **2x8=16**

(Write the detail Answer any one of the following question)

**44.** કવિ નરસિંહ મહેતાના આધારે શ્રીકૃષ્ણની બાળલીલાઓનું વર્ણન કરો ?

**અથવા**

"મહેમાનો ને સંબોધન" કાવ્યમાં વ્યકત થતો આતિથ્ય ભાવ વર્ણવો.

**45.** કાશીમાએ કૂતરીને ઘરમાં શી રીતે પૂરી ? શા માટે ?

**અથવા**

જુમા ના જીવનની લીલી સૂકી વર્ણવો.

**IX. કોઈપણ એક કાવ્ય પૂર્ણ લખો.** **1x10=10**

(Write any one poem from the following)

**46.** "અમે પકડી આંબલિયાની ડાળ"

**અથવા**

ભજ રે ભજ તું

**- o O o -**